નવરાત્રીનાં પ્રથમ દિવસે દેવી શૈલપુત્રીની પૂજાનું મહત્વ

માતા શૈલપુત્રી હિમાલયરાજની પુત્રી છે. શેલ એટલે પથ્થર કે પર્વત : માતા શૈલપુત્રીની પૂજા કરવાથી વ્યક્તિના જીવનમાં તેના નામની જેમ સ્થિરતા આવે છે.જીવનમાં મક્કમ રહીને ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે.

ગાંધીનગર,તા.૨૫ તારીખ ૨૬ સપ્ટેમ્બરથી નવરાત્રી શરૂ થઈ રહી છે. નવરાત્રીના નવ દિવસ સુધી મા દુર્ગાના ૯ રૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીના પહેલા દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. માતા શૈલપુત્રી હિમાલયરાજની પુત્રી છે. શેલ એટલે પથ્થર કે પર્વત. માતા શૈલપુત્રીની પૂજા કરવાથી વ્યક્તિના જીવનમાં તેના નામની જેમ સ્થિરતા આવે છે.જીવનમાં મક્કમ રહીને ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. નવરાત્રીના પહેલા દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. દુર્ગા સપ્તશતીનો પાઠ કરવામાં આવે છે. પુરાણોમાં કળશને ભગવાન ગણેશનું રૂપ માનવામાં આવે છે, તેથી નવરાત્રીમાં સૌથી પહેલા કળશ પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે માતા શૈલપુત્રીની કથા સાંભળવાથી વ્યક્તિને જીવનમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. આવો જોઈએ માતા શૈલપુત્રીની ઝડપી વાર્તા.

મા શૈલપુત્રીની કથાઃ

નવરાત્રીના પહેલા દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. માતાનું વાહન વૃષભ (બળદ) છે. માતા શૈલપુત્રીને હિમાલયરાજ પર્વતની પુત્રી કહેવામાં આવે છે. તેની પાછળ એક દંતકથા છે. એકવાર પ્રજાપતિ દક્ષ (સતીના પિતા)એ યજ્ઞ દરમિયાન બધા દેવતાઓને આમંત્રિત કર્યા. તેમણે ભગવાન શિવ અને સતીને આમંત્રણ મોકલ્યું ન હતું. પરંતુ સતી આમંત્રણ વિના પણ યજ્ઞમાં જવા તૈયાર હતી. આવી સ્થિતિમાં ભગવાન શિવે તેમને સમજાવ્યું કે આમંત્રણ વગર યજ્ઞમાં જવું યોગ્ય નથી. પરંતુ જ્યારે સતી સંમત ન થઈ તો ભગવાન શિવે તેને જવાની મંજૂરી આપી દીધી.

સતી કોઈ પણ આમંત્રણ વિના પોતાના પિતાના ઘરે પહોંચી ગઈ અને તેને ત્યાં બોલાવ્યા વિના જ એક અતિથિના વર્તનનો સામનો કરવો પડ્યો. સતી સાથે તેની માતા સિવાય કોઈએ બરાબર વાત ન કરી. તે પોતાના પતિનું આવું કઠોર વર્તન અને અપમાન સહન ન કરી શકી અને ગુસ્સે થઈ ગઈ. આ ક્રોધ, અપરાધભાવ અને ક્રોધમાં તેણે યજ્ઞમાં પોતાનું ગ્રહણ કરી લીધું. ભગવાન શિવને આ સમાચાર મળતા જ તેમણે પોતાના ગણને દક્ષમાં મોકલી દીધા અને પોતાના સ્થાન પર ચાલી રહેલા યજ્ઞનો નાશ કર્યો. ત્યાર પછીના જન્મમાં તેનો જન્મ હિમાલયની પુત્રી તરીકે થયો હતો, જેને શૈલપુત્રી કહેવામાં આવે છે.

નવરાત્રીના પહેલા દિવસે દેવી શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે.

શારદીય નવરાત્રીના પહેલા દિવસે મા શૈલપુત્રીની પૂજા કરતા પહેલા શુભ મુહૂર્તમાં ઘટસ્થાપન કરો. શાશ્વત જ્યોત પ્રગટાવો અને ભગવાન ગણેશનું આહ્વાન કરો.

મા શૈલપુત્રીની પૂજામાં સફેદ રંગની વસ્તુઓનો ઉપયોગ કરો. સફેદ રંગ મા શૈલપુત્રીનો પ્રિય રંગ છે. સ્નાન કર્યા પછી સફેદ વસ્ત્રો પહેરો.

પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ કરીને પૂજાના સ્થાન પર લાલ કપડું પાથરીને મા દુર્ગાનું ચિત્ર સ્થાપિત કરો. માતા શૈલપુત્રીને કુમકુમ, સફેદ ચંદન, હળદર, અક્ષત, સિંદૂર, સોપારી, લવિંગ, નાળિયેર ૧૬ મેકઅપ વસ્તુઓ અર્પણ કરો.

દેવીને સફેદ રંગના ફૂલ, રસગુલ્લા જેવી સફેદ મીઠાઈઓ અર્પણ કરો. પહેલા દિવસે માતાને પ્રિય ભોજનમાં ગાયના ઘીમાંથી બનેલી મીઠાઈઓ ચઢાવો.

ધૂપ, દીપક લગાવીને મા દુર્ગાના આ મંત્રની માળાનો ॥ *सर्वमंगल मांगल्ये शिवे सर्वार्थ साधिके शरण्येत्र्यंबके गौरी नारायणि नमोस्तुते ॥*જાપ કરો

તેની સાથે જ મા શૈલપુત્રીના મંત્રોનો ૧૦૮ વાર જાપ કરો. કથા વાંચો અને પછી દેવીની આરતી કરો. સાંજે પણ નવ દિવસ સુધી દરરોજ ૯ દેવીઓની આરતી કરો.

મા શૈલપુત્રીનો બીજ મંત્રઃ

ह्रीं शिवायै नाम :

મા શૈલપુત્રીની પૂજા કરવાનો મંત્રઃ

॥ ओम देवी शैलपुत्र्यै नम : ॥

મા શૈલપુત્રીનો ધ્યાન મંત્રઃ

वन्दे वाञ्छितलाभाय चन्द्रार्धकृतशेखराम् ।
वृषारूढां शूलधरां शैलपुत्रीं यशस्विनीम् ॥

મા શૈલપુત્રીની પૂજા કરવાથી થતા લાભઃ

મા શૈલપુત્રીની ઉપાસનાથી વ્યક્તિનું મૂળ ચક્ર જાગૃત થાય છે.

દેવી શૈલપુત્રીની પૂજાથી વ્યક્તિમાં સ્થિરતા આવે છે.

મા શૈલપુત્રીને દેવી સતીનું સ્વરૂપ માનવામાં આવે છે. દેવી સતીએ કઠોર તપસ્યા દ્વારા ભોલેનાથને પોતાના પતિ તરીકે મેળવ્યા હતા. નવરાત્રિમાં, અપરિણીત છોકરીઓને તેમની સાધના દ્વારા યોગ્ય વર મળે છે.



સેક્ટર-૨૪માં યોગાર્થીઓએ નવલાં નોરતાના વધામણાં કર્યા

રંગમંચ ખાતે યોગ ક્લાસના એક વર્ષની પરિપૂર્ણતાના અવસરે યોજાયેલાં સ્નેહમિલનમાં હોમહવન સાથે ગરબા અને રમતોનો આનંદ માણ્યો

ગાંધીનગર, તા.૨૫ આજે સેક્ટર-૨૪માં રંગમંચ ખાતે યોગશિક્ષક મનોજભાઈના યોગ નિદર્શનમાં ચાલી રહેલા નિઃશુલ્ક યોગ ક્લાસને એક વર્ષ પુર્ણ થવાના અવસરે યોગ ક્લાસના નિયમિત યોગાર્થીઓ, સભ્યો અને સ્નેહીજનો સાથે વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે આજે નવલાં નોરતાના વધામણાં રૂપે આજના સવારની સરસ મજાના ઠંડક વાળા વાતાવરણમાં સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોથી માંડીને વડીલો સુધીના આશરે ૫૦થી વધુ વ્યક્તિઓ જોડાયાં હતાં. સે.૨૪ના રંગમંચની હરિયાળી લોનમાં યોજાયેલા સ્નેહમિલનમાં બહેનોએ અને બાળકોએ ઉમંગ અને ઉત્સાહપૂર્વક સંગીત ખુરશી, લીંબુ ચમચી જેવી રમતોમાં ખૂબ જ આનંદથી ભાગ લઇ રમતોની મજા માણી હતી. રમતોનો આનંદ માણીને દરેકના ચહેરા ઉપર હાસ્યની લહેરો અને આનંદનો અદભૂત ઉત્સવ છવાયો હતો. દરેક રમતોમાંથી એક એક વિજેતા નક્કી કરી કુલ ચાર જેટલા પતંજલીના આયુર્વેદિક ઉત્પાદન દંતકાંતિ જેવી વસ્તુઓનું ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ યોગાર્થીઓએ તેમના યોગગુરુ મનોજભાઈનું પુષ્પગુચ્છ અને શુભેચ્છા ભેટ આપી સન્માન કર્યુ હતું. કાર્યક્રમમાં દરેક યોગાર્થીઓએ યોગ શરૂ કર્યા પછી તેમના જીવનમાં આવેલાં પરિવર્તન અંગે પોતપોતાના અનુભવો વર્ણવ્યાં હતાં. આ સાથે યોજવામાં આવેલાં હવનમાં તમામ યોગાર્થીઓએ આહુતિ આપી હતી અને અંતમાં દરેકે નવરાત્રી ગરબાની મજા માણી હતી. કાર્યક્રમના સમાપને ગરમાગરમ ગાંઠિયા અને જલેબીનો અલ્પાહાર કર્યો હતો.

પ્રથમ નોરતે આઈ.આઈ.ટી.ઈ.ના યુવા મહોત્સવ 'કલાકુંજ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫ ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરના સંલગ્ન ૫૯ કોલેજો અને આઈ.આઈ.ટી.ઈ.ના ત્રણ વિભાગો મળી કુલ ૬૨ સંસ્થાઓને સમાવતો યુવા મહોત્સવ 'કલાકુંજ-૨૦૨૨' શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ સોમવારના રોજ પ્રથમ નોરતે યુનિવર્સિટી કેમ્પસ ખાતે પ્રારંભ કરાશે.

કુલ ૫ કેટેગરીમાં ૬૨ કોલેજોના ૨૪૩૩ સ્પર્ધકોએ પોતાના નામની નોંધણી કરી અને તેમાંથી પસંદગી પામેલ ૨૧૦૨ સ્પર્ધકો ૧૯-૯-૨૦૨૨ના રોજ યોજાયેલ ઝોનલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કલા પ્રદર્શિત કરી હતી. ઝોનલ કક્ષાના ૧૦૫૪ વિજેતાઓ યુનિવર્સિટી કક્ષાના યુવા મહોત્સવમાં ભાગ લેશે.

કુલ ૫ કેટેગરીની સંગીત, નૃત્ય, લલિત કલા, સાહિત્ય અને નાટ્ય વિભાગમાં વ્યક્તિગત અને સામુહિક એમ કુલ ૩૨ સ્પર્ધાઓનું આયોજન યુનિવર્સિટીના પ્રાંગણમાં થશે.

શહેર ભાજપા યુવા મોરચા દ્વારા ઘ-૬ થી સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સુધી 'રન ફોર ડેવલપમેન્ટ' દોડ યોજાઈ

ગાંધીનગર, તા.૨૫ તારીખ ૨૫ સપ્ટેમ્બર રવિવારે સવારે ૬.૩૦ કલાકે શહેર ભાજપા યુવા મોરચા દ્વારા ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી ચાલી રહેલા ભાજપના 'સેવા પખવાડિયા' અંતર્ગત ઘ-૬ થી સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સુધી 'રન ફોર ડેવલપમેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનો અને નગરજનો હોંશભેર જોડાયા હતા. દોડના સમાપન બાદ સેન્ટ્રલ વિસ્ટા પાસે ફન સ્ટ્રીટનું આયોજન કરવમાં આવ્યું હતું.

આ રન ફોર ડેવલપમેન્ટ કાર્યક્રમમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જસવંત પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના મહામંત્રી નરેશ દેસાઈ, મહાનગરના ભાજપ સંગઠનના મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન મુજબ શહેરમાં 'રન ફોર ડેવલપમેન્ટ'નું આયોજન શહેર ભાજપ યુવા મોરચા પ્રભારીશ્રી નિસર્ગ વ્યાસ તેમજ પ્રમુખ યુવરાજસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્થળાંતરિત મજૂરોના ગૌરવપૂર્ણ જીવન માટે એક યુવાનની અનોખી પદયાત્રા

અમદાવાદમાં રહેતા નરેશ સિજાપતિનો ૧૨૦ દિવસમાં તેણે ૧૦ રાજ્યોમાંથી પગપાળા પસાર થવાના લક્ષ્ય સાથે પરપ્રાંતિય મજૂરોને સુવિધાઓ તેમજ સુરક્ષા અપાવવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૫ ગુજરાતના નરેશ સિજાપતિ સ્થળાંતરિત મજૂરોના ગૌરવપૂર્ણ જીવન મળે તે હેતુ માટે મહારાષ્ટ્રથી ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાતની પદયાત્રા પર નીકળ્યાં છે. તેઓ ૧૨૦ દિવસમાં તેણે ૧૦ રાજ્યોમાંથી પસાર થવાના લક્ષ્યાંક સાથે નીકળ્યાં છે ૯૮ દિવસોમાં ૮ રાજ્યો પસાર કરી ચુકયાં છે અને તેમણે ૪૪૦૦કિમીથી વધુના અંતરનો પ્રવાસ ખેડી ચુકયાં છે. તાજેતરમાં તેઓ ગાંધીનગરથી પસાર થઈને અમદાવાદ પંહોચ્યાં હતા જયાંથી મધ્યપ્રદેશ થઈને નરેશ બિહાર, ઉત્તર પ્રદેશ થઈને દિલ્હી પહોંચવાનો છે. દિલ્હીમાં ધરણાં પર બેસીને તે પ્રવાસી મજૂરોની સમસ્યા અંગે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને વાકેફ કરવા માંગે છે. મૂળ નેપાળના કરનાલી પ્રદેશના દૈલેખ જિલ્લાના નરેશ સિજાપતિના માતા-પિતા ઘણા વર્ષો પહેલા ગુજરાતના અમદાવાદમાં સ્થાયી થયા હતા. નાનપણથી જ હોટલ અને કંપનીઓમાં કામ કરતી વખતે તેણે એક સ્વૈચ્છિક સંસ્થામાં ડેટા એન્ટ્રીનું કામ શરૂ કર્યું. પરંતુ અભ્યાસ કરવાની ઈચ્છાને કારણે તેણે ૨૦૧૮માં એન્ટરપ્રેન્યોરશિપમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કર્યું. આ દરમિયાન, ૨૦૧૫માં, પ્રવાસી મજૂરોની સમસ્યાને ધ્યાનમાં રાખીને, તેણે પનાહ ફાઉન્ડેશન નામની સંસ્થા પણ બનાવી હતી. આ સંસ્થા પરપ્રાંતિય મજૂરોની સમસ્યાના નિરાકરણ માટે સતત પ્રયાસ કરે છે અને તે ઉપરાંત આ સંસ્થા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ અને કાયદાકીય સહાય પૂરી પાડે છે. બે દિકરીઓના પિતા નરેશ સિજાપતિનું પરપ્રાંતિય મજૂરોને સુવિધાઓ તેમજ સુરક્ષા અપાવવાનું માટે મોટું સ્વપ્ન છે.

વડાપ્રધાનના 'મન કી બાત' કાર્યક્રમના ૯૩માં સંસ્કરણને બુથસ્તરે સાંભળવાનું આયોજન શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું તે અંતર્ગત ગાંધીનગરના સે. ૫-એ માં પ્લોટ નં. ૩૫૫/૨ ખાતે આયોજિત કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ યુવા નેતા પ્રશાંતભાઈ કોરાટ સહિત સ્થાનિક નગરસેવકો પણ ઉપસ્થિત રહ્યાં હતા.